| | |
|---|---|
| PUBLICATION NAME : | Gujarat Pranam |
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/01/24 |
| PAGE : | 2 |


# ઈડીઆઈઆઈએ ૨૭ વિકસતા દેશોના ૭૧ આંતરરાષ્ટ્રીય સહભાગીઓને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ આપી



અમદાવાદ, ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ – આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા શુક્રવારે યોજાયેલા વિદાય સમારંભમાં ૨૭ વિકસતા દેશોના ૭૧ વિદેશી પ્રોફેશનલ્સને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ સસ્ટેનેબલ પ્રોજેક્ટ પ્રિપરેશન એન્ડ અપ્રેઝલ એન્ડ ઈનફોર્મલ સેક્ટર એન્ટરપ્રાઈઝ, આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન, નોલેજ મેનેજન્ટ એન્ડ પોલિસી રિસર્ચ અને પ્રમોટિંગ સ્ટાર્ટઅપ્સ ઈન ડેવલપિંગ ઈકોનોમીઝ થ્રુ ઈનોવેશન એન્ડ ઈક્યુબેશન સહિતના ભારત સરકારના વિદેશ મંત્રાલયના ઈન્ડિયન ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (આઈટીઈસી) દ્વારા સ્પોન્સર કરાયેલા ત્રણ પ્રોગ્રામ્સ શુક્રવારે ઈડીઆઈઆઈ ખાતે પૂરા થયા હતા.

આ પ્રોફેશનલ્સ બાંગ્લાદેશ, ભૂતાન, ડોમિનિકન રિપબ્લિક, ઈથિયોપિયા, ફિજી, ઘાના, કઝાખસ્તાન, કેન્યા, માડાગાસ્કર, મલેશિયા, માલદિવ્સ, મોરિશિયાના, મોરેશિયસ, મોઝામ્બિક, મ્યાનમાર, નાઈજર, નાઈજિરિયા, પાપુઆ ન્યૂ ગિની, સાઉથ આફ્રિકા, સાઉથ સુદાન, શ્રીલંકા, તાજિકિસ્તાન, તાન્ઝાનિયા, ટોગો, તુર્કમેનિસ્તાન, યુગાન્ડા અને ઝિમ્બાબ્વે સહિતના વિકસતા દેશોમાંથી આવ્યા હતા.

ભારત સરકારના વિદેશ મંત્રાલયના અધિક સચિવ (ડીપીએ-૨ અને ૪) શ્રીમતી અભિલાષા જોશી વિદાય સમારંભમાં મુખ્ય અતિથિપદે હતા.